# અંકલેશ્વર હાઇવે પરથી કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

**રૂરલ** પોલીસે બે ટેન્કર, અને કેમિકલ સહિત 66.73 લાખનો માલ કબજે લીધો

**ત્રણ** કેમિકલ ચોર ઝડપાઇ ગયા, બેની શોધખોળ

અંકલેશ્વર : ભરૂચ જીએનએફસીમાંથી હજીરા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં પહોંચાડવાનું ટોલ્યુઇન અને બેન્ઝિન કેમિકલ ભરેલું ટેન્કરમાંથી કેમિકલ સગેવગે કરવાનું મસમોટું કૌભાંડ અંકલેશ્વર તાલુકા પોલીસે ઝડપી પાડ્યું હતું. કાપોદ્રા ગામની સીમમાં પરિવાર હોટલના કમ્પાઉન્ડમાં કેમિકલ માફિયા અને ટેન્કર ચાલકની સાંઠગાઠ વડે વાલ્વના નટ બોલ્ટ ખોલી કેમિકલની ચોરી કરી રહ્યા હતા. પોલીસે કુલ રૂ.66.73 લાખનો મુદ્દામાલ સાથે 3 ઈસમની



અટકાયત કરી અન્ય 2 ને વોન્ટેડ જાહેર કર્યા હતા. અંકલેશ્વર તાલુકા પોલીસની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે પાનોલી જીઆઇડીસી નજીક કાપોદ્રા ગામની હદમાં આવેલા પરિવાર હોટલના કંમ્પાઉન્ડમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરવામાં આવી રહી છે. જે આધારે પોલીસે પરિવાર હોટલ કંમ્પાઉન્ડમાં સર્ચ કરતા બે ટેન્કરમાંથી હોટલના વોચમેનની મદદથી કીમમાં કેમિકલ માફિયા જોડે સાંઠગાંઠ કરી ટેન્કરનું સીલ ખુલ્યા વગર નટ બોલ્ટ ખોલી ટોલ્યુઇન અને બેન્ઝિન પાઇપ વડે કરબામાં કાઢતા રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી બને ટેન્કરના ચાલક અને ક્લીનરની ધરપકડ કરી હતી. જ્યારે હોટલનો વોચમેન ફરાર થઇ ગયો હતો. પોલીસ સ્થળ પરથી 2 ટેન્કર પૈકી એક ટેન્કરમાં રહેલા ટોલ્યુઇન 175 લીટર ચોરી કિંમત 14,000 ને અંદર રહેલા 12 લાખ રૂપિયાનો ટોલ્યુઇનનો જથ્થો તેમજ અન્ય એક ટેન્કરમાં 70 લીટર જ્વલનશીલ બેન્ઝીન કેમિકલ હતું. જેની કિંમત 18,900 તેમજ અંદર રહેલા 24,160 મેટ્રિક ટન બેન્ઝીનનો જથ્થો કિંમત રૂપિયા 20.26 લાખ તેમજ 2 ટેન્કર કિંમત રૂપિયા 24 લાખ અને 3 મોબાઇલ મળી કુલ રૂ.42,42,479 ના બંને કેમિકલ અને અને બેનર મળી કુલ રૂ. 66.73.879 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કેમિકલ ચોરી કરતાં ટેન્કરના ચાલક બ્રજેશ અશોક કુમાર પાલ, રામવિલાસ શાંતિલાલ યાદવ અને મોહંમદ યાકુબ મહંમદ ઈદ્રીશ ખાનની ધરપકડ કરી હતી. જ્યારે યાસીન નામનો પરિવાર હોટલનો વોચમેન અને કિમનો કેમિકલ માફિયા હિમતસિંગ મારવાડી ફરાર થઇ જતા બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતાં.

**DATE: 30/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સારંગપુર નવીનગરી મકાનના ગામમાં દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક સ્ટાફ તેમના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં.ત્યારે અંકલેશ્વર સારંગપુર નવી નગરીમાં રહેતા મનીષ ઉર્ફે મલો વસાવા નામના બુટલેગર રહે છે. તેણે પોતાના ઘરના પાછળના ગામમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી મળી હતી.જેના આધારે પોલીસે બાતમી વાળા સ્થળે રેઈડ કરતા અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ 21 કિં.રૂ.8400 બિયર ટીન નંગ 18 કિં,રૂ.1800 મળીને રૂ.10,200 નો મુદામાલ કબ્જે કર્યો છે.

### રહેમતનગર વિસ્તારમાં પોલીસની કાર્યવાહીથી દોડધામ મચી

# પાનોલીમાં કતલ કરવાના ઈરાદે બંધાયેલાં 19 ગૌવંશને બચાવાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના પાનોલી માં ગેરકાયદેસર રીતે કતલ કરવાનાઈરાદે ગૌ વંશ લાવવામાં આવી રહ્યું હોવાની માહિતી આધારે ગૌ સેવકોને પાનોલી પોલીસ પાનોલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સુરત ના હથુરણ તરફથીએક પીકઅપ ગાડી આવતા પોલીસે તેનો પીછો કરતા ગાડી પાનોલી ના રહેમત નગર તળાવ નજીક એક મકાન આગળ પીકઅપ ગાડી ઉભી રાખી દીધી હતી અને પોલીસ આવતા જ પીકઅપ ગાડી ચાલક ત્યાંથીફરાર થઈ ગયો હતો પોલીસે ગાડી માં સર્ચ કરતા અંદર થી ગયા અને વાછરડાંનગર 5 ટેમ્પા ખીચોખીચ કોઈપણ જાત ની અન્ય વ્યવસ્થા વગર બાંધ્યા હતા. તો વાડામાં પણ 14 જેટલા પશુધન બાંધેલી હાલતમાં નજરે પડ્યા હતા. પોલીસે સ્થળ પર થી મહિન્દ્રા પીકઅપ ગાડી 2 લાખ રૂપિયા અને 19 પશુ ધન કિંમત રૂપિયા 1.15 લાખ મળી કુલ 3.15 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને મહિન્દ્રા પીકઅપ ગાડી ના ચાલક તેમજ જે મકાન ના વાડા માં પશુધન બાંધેલા હતા એ મકાન માલિક સોયેબ મહંમદ દિનિયાત ને વોન્ટેડ જાહેર કર્યા હતા અને વધુ તપાસ આરંભી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દહેજ નજીક વડદલા ગામની ઘટના

# દુકાનમાં ગેરકાયદે રીતે ગેસ રીફિલિંગ કરતાં બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ દહેજ ગામ

પાસેના વડદલા ગામે આવેલાં રોયલ રેસિડન્સી શોપિંગ સેન્ટર ખાતે આવેલી બે દુકાનોમાં નામ વિના જ ગેસ રિપેરિંગની બે દુકાનો ચાલતી હતી. જેમાં ગેરકાયદે રીતે ગેસ રીફિલિંગનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની ચોક્કસ બાતમી દહેજ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી જીવનસિંગ સોહનસિંગ સોલંકી તેમજ દેવેન્દ્ર દેવકી કેવટ નામના બે શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની દુકાનોમાં તપસ કરતાં તેઓ ભારત ગેસ કંપનીના મોટા બોટલમાંથી નાની નાની બલોટલોમાં ગેસર રીફીલ કરતાં હોવાનો કારસો ઝડપી પાડ્યો હતો. તેમની પાસેથી ગેસના બોટલો રાખવા તેમજ રીફિલિંગ્ કરવા બાબતે કોઈ અધિકૃત પરવાનો પણ ન હોવાનું તેમણે કબુલ્યું હતું. જેના પગલે ટીમે બન્નેની ધરપકડ કરી હતી.

**DATE: 31/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પરિવાર હોટલના કંપાઉન્ડમાં પોલીસે છાપો માર્યો

# અંક્લેશ્વરમાં કેમિકલ ચોરી કૌભાંડમાં ફરાર બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર કાપોદ્રા નજીક નેશનલ હાઈવે પર પરિવાર હોટલ ના પાર્કિંગ માંથી રૂરલ પોલીસે ટોલ્યુઈન અને બેન્ઝિન કેમિકલ ભરેલા બે ટેન્કરમાંથી કેમિકલ સગેવગે કરતા ત્રણ શખ્સોને પકડી પાડયાં હતાં. આ કેસમાં ફરાર બે વોચમેન પણ હાલ પોલીસ સકંજામાં આવી ગયાં છે.

અંકલેશ્વર રૂરલ પોલીસ કાપોદ્રાગામ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 48 ઉપર આવેલ પરિવાર હોટલ ના પાર્કિંગ માં ટેન્કર ચાલક ની મિલી ભગત થી ટેન્કરમાંથી કેમિકલ ચોરીનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની માહિતી મળી હતી. જેના આધારે રેડ કરતા બે ટેન્કરમાંથી કેમિકલ માફિયા સાથે સાંઠગાંઠ કરી ટેન્કરનું સીલ ખુલ્યા વગર નટ બોલ્ટ ખોલી ટોલ્યુઈન અને બેન્ઝિન કેમિકલ પાઈપ વડે કરવામાં કાઢતા કેટલાક લોકો જણાયાં હતાં. પોલીસે સ્થળ પર થી ટેન્કર ના ચાલક બ્રજેશ પાલ તેમજ બેન્જીન કેમિકલ ભરેલા ટેન્કરનો ચાલક રામવિલાસ યાદવ અને મોહંમદ ખાનની ધરપકડ કરી હતી કુલ રૂપિયા 66.લાખ 73 હજાર .ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કેમિકલ ચોરી માં સંડોવાયેલા હોટલના બે વોચમેન સહીત કિમ ના કેમિકલ માફિયા હિમત સિંગ મારવાડી ફરાર થઈ ગયા હતાં.પરિવાર હોટલ ના વોચમેન હાસમખાન ઈલ્યાસખાન અને ગુલશેરખાન ને ઝડપી પાડવમાં આવ્યાં છે.

**DATE: 01/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# મૌઝા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસને બાતમી મળી હતી કે મૌઝા ગામનો સંજય વસાવા નાઓ પોતાના ઘરે દારૂનું વેચાણ કરે છે. અને તેણે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો તેના ઘરમાં ક્યાંક સંતાડી રાખેલો છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરી આરોપીનાં મકાનની ઉપર શોધખોળ કરતા મકાનની ઉપર મુકેલા સિમેન્ટના પતરા હટાવીને જોતા આશરે 8X2 ફુટનું ઈંટો વડે બનાવેલુ ચોરખાનુ મળી આવેલ તેમા તપાસ કરતા ભારતીય બનાવટના દારૂના જથ્થાની છુટી 298 નંગ બોટલો મળી આવી હતી. પોલીસે આરોપી સંજયની ધરપકડ કરી હતી.

**DATE: 02/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ભરૂચમાં દારૂના બૂટલેગર સહિત 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં ઝાડેશ્વર રોડ પર મહાદેવનગર ખાતે રહેતો ધ્રુવ ઉર્ફે જીનુ નિલેષ પટેલ દારૂનું વેચાણ કરતો હોવાની બાતમી મળતાં સી ડીવિઝન પોલીસે તેના ઘરે દરોડો પાડ્યો હતો. ટીમ તેના ઘરે પહોંચતાં ત્યાં ત્રણ જણાં ઝડપાયાં હતાં. જેમાં એક આરોપી ધ્રુવ હોવાનું તેમજ અન્ય બેના નામ કરણ કાંતી રબારી તથા કેયુર અતુલ કાપડિયા હોવાનું માલુમ પડ્યું હતું. તેમની પાસેથી દારૂની એક બોટલ, બે મોબાઈલ તેમજ 3 હજાર રોકડા આવ્યાં હતાં.

**DATE: 02/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઓફિસનું તાળુ તોડી ચોરી કરી પણ સીસીટીવીમાં દેખાયો હતો

# અંકલેશ્વરમાં આલીશાન નળો ચોરી જનારો તસ્કર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીની એક ઓફિસમાંથી 57 હજાર રૂપિયા ઉપરાંતની કિમંતના સામાનની ચોરી કરનારા તસ્કરને પોલીસે ઝડપી પાડયો છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં ઈએસઆઈસી કચેરી નજીક રિયો પ્લાઝા માં પહેલા માળે 103 નંબર ના મકાનમાં ઓફિસ આવેલી છે જેમાં કન્સ્ટ્રકશનને લગતા સામાનની ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો. વૈભવી નળ સહિત અન્ય સામાન મળી કુલ 57 હજારની ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજમાં દેખાઈ રહેલાં તસ્કરને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી હતી. તથા તેનો સ્કેચ તૈયાર કર્યો હતો સ્કેચ અને ફોટો સાથે પોલીસ દ્વારા હ્યુમન ઈન્ટેલિજન્સ ની મદદ થી તપાસ શરુ કરતા અંકલેશ્વર તાલુકાનાં નવા કાસીયા ગામ ખાતે રહેતા ઉમેશ દયાળ બગરીયાની ચોરીમાં સંડોવણી સામે આવી હતી. પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડયો હતો અને આકરી પૂછપરછમાં તેણે ચોરીના ગુનાની કબુલાત કરી લીધી હતી.પોલીસે તેની પાસેથી ચોરી થયેલ 54750 રૂપિયા ના સર સમાન પણ રિકવર કર્યો હતો. પોલીસે આરોપીને ઝડપી પાડી ચોરીમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ અને તેને ચોરી કેમ કરી સહિતની બાબતોની વિગતો મેળવવાની દિશામાં કવાયત શરૂ કરી દીધી છે. તસ્કરને ઝડપી પાડવામાં સીસીટીવીએ મહત્વની ભૂમિકા ભજવી છે.

### ચોરીના અનેક ગુનાઓમાં આરોપીની સંડોવણી

# વાલિયાના ચમારીયાનો તસ્કર અંકલેશ્વરથી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર એલસીબી યુનિટ દ્વારા વિવિધ પોલીસ મથક માં ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપી ને ઝડપી પાડવાની કવાયત શરુ કરતા ભરૂચ એલસીબી પી.આઈ. ઉત્સવ બારોટ ના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવાની કવાયત શરુ કરી હતી તે દરમિયાન અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે 2021 માં થયેલી ચોરી તેમજ ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં 2022 માં થયેલ ચોરી માં સંડોવાયેલ રીઢા ચોર અંકલેશ્વર જીઆઈડીસી બસ ડેપો પાસે હોવાની ચોક્કસ માહિતી હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે મળી હતી. જે આધારે એલસીબી ની ટીમ એ વાલિયા ના ચમારીયા ગામ ખાતે મસ્જિદ ફળીયા માં રહેતા 25 વર્ષીય મુકેશ અમરસિંગ વસાવા ને જીઆઈડીસી બસ ડેપો પાસે થી ઝડપી પાડ્યો હતો. અને અંકલેશ્વર તાલુકા પોલીસ ના હવાલે એલસીબી પી.એસ.આઈ એમ.એમ. રાઠોડ અને તેમની ટીમે સુપ્રત કર્યો હતો.

**DATE: 04/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

# ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો

ભરૂચ એલસીબી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે, ભરૂચ શહેર સી.ડીવીઝન પોલીસ સ્ટેશન તથા અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો છેલ્લા એક વર્ષથી નાસતોફરતો આરોપી અંકલેશ્વર બસ ડેપો વિસ્તારમાં ફરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસ સ્થળ પર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન પોલીસે શંકાસ્પદ ઈસમની અટકાયત કરી હતી તેની પુછપરછ કરતા તે વાલીયા તાલુકાના ચમારીયા ગામમાં રહેતો મુકેશ અમરસીંગ વસાવા હોવાનું જણાયુ હતુ. તે ભરૂચ સી.ડીવીઝન પોલીસ સ્ટેશન તથા અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં સંડોવાયેલ હોવાનું કબુલ્યુ હતુ.

**DATE: 04/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## કોંઢ ગામે મહિલા ઘરમાં આંકડા લખતી હતી

# આંકડાનો જુગાર રમાડતી મહિલા સહિત 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ સાહિલસિંહ તેમજ તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, કોંઢ ગામે કુંભાર ફળિયામાં રહેતો સઈદ ઉર્ફે બાબુ ઈસ્માઈલ બદાત તેના ફળિયામાં જ રહેતી સુપડીબેન રમેશ વસાવાના રાઈટર તરીકે આંકડાનો જુગાર રમાડે છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દોડી આવી દરોડો પાડી સુપડીબેન તેમજ તેની સાથે અન્ય બે શખ્સો સઈદ ઉર્ફે બાબુ ઈસ્માઈલ મહમદ બદાત તથા અજિત કેસુર વસાવાને ઝડપી પાડ્યો હતો. ટીમે તેમની પાસેથી આંકડાનો જુગાર લખવાની ચિઠ્ઠીઓ તેમજ અન્ય સાધન સામગ્રી જપ્ત કરવા સાથે તેમની પાસેથી રોકડા રૂપિયા 4 હજાર જપ્ત કર્યાં હતાં. વાલિયા પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ જિલ્લાના ગામડાઓમાં આંકડાના જુગારની પ્રવૃતિઓ વધી રહી હોવાથી લોકોમાં રોષ છે.

**DATE: 04/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# નવા દિવા ગામે વર્લી મટકો રમતાં બે ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી આધારે અંકલેશ્વર નવા દીવાનાશામજી ફળીયા ખાતે ચાલતા વર્લી મટકાના અડ્ડા પર દરોડા પાડયાં હતાં. જ્યાં વર્લી મટકા નો આંક ફરક નો જુગાર રમાડતા મનીષ ઉર્ફે કાનો વસાવા અને મહેશ વસાવાને પોલીસે ઝડપી પાડ્યા હતા જ્યારેશબા અને દર્શન લાલનને વોન્ટેડ જાહેર કર્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા તથા મોબાઈલ મળી કુલ 9,440 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો .



# અંકલેશ્વરમાં 11 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ ક્રાઈમ બ્રાંચના કર્મીઓને મળેલી બાતમીના આધારે અંકલેશ્વર નેશનલ હાઈવે 48 ઉપર અન્સાર માર્કેટ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન ભારતીય બનાવટના વિદેશી શરાબનો જથ્થો ભરેલા ટેમ્પોની તલાસી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં શરાબનો જથ્થો મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે ટેમ્પો નં.(MH, 04,FD 9752)માંથી 11,62,000ના દારૂનો કબજો લઈ આ મામલે અંકલેશ્વરના કાગડીવાડ વિસ્તારમાં રહેતા બુટલેગર સુજાતખાન બસીરખાન પઠાણ, નાઝીમ બસીરખાન પઠાણ અને ખલિલખાન બસીરખાન પઠાણ સહિત ટેમ્પોના ચાલકને વોન્ટેડ જાહેર કરી તમામ સામે કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં ગાડીઓમાંથી 5 બેટરીની ચોરી કરનારા 3 તસ્કર ઝડપાયા



ભરૂચ: અંકલેશ્વર GIDCમાં લાયકા ચોકડી પાસે જીત લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટની ઓફિસ આવેલી છે, જેમાં 30 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધીના સમયમાં ટ્રાન્સપોર્ટની ઓફિસની બહાર ચાર ગાડીઓ પાર્ક કરેલી હતી. સમય અને તકનો લાભ ઉઠાવી તસ્કરોએ ત્રાટકી એક ટેન્કરમાંથી એકસાઇડની બે બેટરીઓ કિંમત રૂ.18,000, આઇસર ટેમ્પોમાંથી એક એકસાઇડની બેટરી કિ.રૂ.8,500, બીજા એક આઇસર ટેમ્પોમાંથી એક એમરોન બેટરી કિ.રૂ. 6,500 અને ત્રીજા આઇસર ટેમ્પોમાંથી પણ એક એમરોન બેટરી કિંમત રૂ.6,500 મળીને કુલ 39,500ની પાંચ બેટરી ચોરી કરીને તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ મામલે જીઆઇડીસી પોલીસમથકના પીઆઇ જાડેજાના માર્ગદર્શન હેઠળ ગુનાની તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે બેટરીઓની ચોરીઓ કરનારા 3 તસ્કર શાહબુદીન શબીર દિવાન, સુખદેવ જયંતી વસાવા અને સતીષ આનંદા પરમેશ્વરને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી ચોરી થયેલી બેટરીઓ નંગ 5 પણ જમા લીધી હતી. આ ત્રણેય વિરુદ્ધ ચોરીની કલમ હેઠળ કાર્યવાહી કરાઈ છે.

**DATE: 05/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–03**

### સાઉથ આફ્રિકા રહેતા રીઝવાન નામના વ્યકિતએ હવાલો આપ્યો હતો

# ભરૂચ નગરના પાંચબત્તી વિસ્તારમાંથી હવાલાના રૂા. ૫૦.૫૦ લાખ ઝડપાયા

## હવાલાના નાણાં અંકલેશ્વરના વિષ્ણુ કાંતિ આંગડીયા દ્વારા આવ્યાં

| ભરૂચ |

ઘણા સમય બાદ ભરૂચ પંથકમાં ફરી એકવાર ઉપરા છાપરી હવાલાના નાણાં ઝડપાઈ રહ્યા છે. કેટલાક દિવસો અગાઉ ભરૂચના શકિતનાથ વિસ્તારમાંથી મળેલ બાતમીના આધારે હવાલાના નાણાં ઝડપાયા હતા. એજ રીત રસમ અનુસાર ભરૂચના ભરચક એવા પાંચબત્તી વિસ્તારમાંથી આજરોજ મળેલ બાતમીના આધારે એમઈઓ કારમાંથી રૂા.૫૦.૫૦ લાખ મળી આવ્યા હતા. એસઓજી પોલીસે આ હવાલા કાંડનુ ઓપરેશન પાર પાડયુ હતુ.



આ હવાલાકાંડમાં હવાલાના નાણાં સાથે એક આરોપી મહમદ સકીલ હાફેજ સિરાજ પટેલ રહે.સાહિલ એવન્યૂ, શેરપુરા ભરૂચની અટક કરી છે. હાલ તુરત જે પ્રાથમિક વિગતો સપાટી પર આવી છે તે જોતા આરોપીનો ભાઈ સાફીક છે જે દુબઈમાં રહે છે અને સાઉથ આફ્રીકામાં રહેતા રીઝવાન નામના વ્યકિતએ આ હવાલો તેને આપ્યો હોવાનું જાણવા મળી રહ્યુ છે. એટલુ જ નહી પરંતુ હવાલાના નાણાં અંકલેશ્વરના વિષ્ણુ કાંતિ આંગડીયા દ્વારા આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે. જો કે આ બનાવ અંગે એસઓજી પોલીસ દ્વારા આગળની તપાસમાં ઘણી ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી સંભાવના છે. ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ એસઓજીના પીઆઈ એ.એ.ચૌધરી તેમજ પીએસઆઈ એ.બી. શિયાળીયા અને તેમની ટીમે આ ઓપરેશન પાર પાડયુ હતુ. હજી પોલીસ આ બનાવની તપાસ કરી રહી છે.

**DATE: 05/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# કેનાલની પાળે જુગાર રમતાં 5 ખેલીઓ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઓચ્છણ ગામે બરીયાવગામાં આવેલી પેટા કેનાલની બાજુમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે સફિક મહમદ માંજરા, શહેજાદ યુસુફ પટેલ, ઈકબાલ ઈબ્રાહિમ જમસા, સુરેશ શના ગોહિલ તેમજ મુકેશ ભાયલાલ વસાવા પોલીસના હાથે ઝડપાઈ ગયાં હતાં.

**DATE: 05/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ક્રુરતા પુર્વક વહન કરાતાં 17 પશુઓને બચાવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દેડિયાપાડા રોડ પર ચંદ્રવાણ ગામથી આગળ એક પશુ ભરેલી ટ્રક પસાર થાય છે તેવી બાતમી નેત્રંગ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે કુપ ગામના બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની ટ્રક આવતાં ટીમે ટ્રકને રોકી ટ્રક ડ્રાઈવરનું નામ પુછતાં તેનું નામ સફવાન ઉર્ફે યુસુફ મુસ્તાક વલી ઈખેરીયા (રહે. વલણ, તા. કરજણ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની ટ્રકમાં તપાસ કરતાં તેમાં કોઈ પણ પ્રકારનો ઘાસચારો કે પાણીની સુવિધા વિના તેમજ ભેંસોને ઉભા રહેવા રેતી ન પાથર્યાં વિના 1.70 લાખની મત્તાની કુલ 17 ભેંસોનું વહન કરી જતાં હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 05/02/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મૃતક સાથે પ્રેમ સંબંધ બાંધી રૂપિયા પડાવી લેતાં યુવતીએ જીવ ટૂંકાવ્યો હતો

# અંકલેશ્વરની યુવતીને આપઘાતની દુષ્પ્રેરણા આપનાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આત્મહત્યા અને દુષ્પ્રેરણ ના મામલે દોઢ વર્ષ થી ફરાર વડોદરા -ડભોઈ ના સૈજપુર થી પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રેમ સંબંધ રાખી શારીરિક શોષણ કરી રૂપિયા પડાવી મૃતક યુવતીના દાગીના પણ ગીરવે મૂકી દીધા હતા. અંતે યુવતીએ આપઘાત કરી જીવન લીલા સંકેલી લીધી હતી.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે 26 મી સપ્ટેમ્બર 2021 ના રોજ યુવતી ની આત્મહત્યા અને દુષ્પ્રેરણ ગુનો દર્જ કરવામાં આવ્યો હતો.25 વર્ષીય સોનલને વડોદરાના શિનોર તાલુકાનાના બાવળીયા ગામ મનોજ વસાવા જોડે પ્રેમ સંબંધ હતો જેમાં લગ્ન કરવાની વાતચીત થઇ હતી પ્રેમ સંબંધ દરમિયાન મનોજ એ લગ્ન કરવાનો વિશ્વાસ અપાવી સોનલ સાથે શારીરિક સંબંધ પણ બાંધ્યો હતો અને અવારનવાર પૈસાની માંગણી કરતો હતો.તેમજ સોનાના દાગીના પણ બેન્ક માં ગીરવે મૂકી રૂપિયા લઈ લીધા બાદ લગ્ન કરવાની ના પાડી માનસિક ત્રાસ આપતા સોનલે આપઘાત કરી લીધો હતો.

આપઘાત પાછળ જવાબદાર મનોજ વસાવા જવાબદાર હોવાનું જણાવતી અંતિમ ચિઠ્ઠી લખી હતી. જે અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં છેલ્લા દોઢ વર્ષ થી ફરાર મનોજ વસાવાને અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ડભોઈના સેજપુર ગામ થી ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો. આરોપીને અંકલેશ્વર શહેર પોલીસ મથકે લઈ આવી હતી અને તેની ઉલટ તપાસ શરુ કરી હતી. આરોપી છેલ્લા દોઢ વર્ષથી ક્યાં છુપાયેલો હતો અને કોણે તેને આશરો આપ્યો હતોની તપાસ ચાલી રહી છે.